**<u>બીજાના નામનુ સીમકાર્ડ વાપરી કંટ્રોલ રૂમ ખાતે ખોટા મેસેજ આપી પોલીસને ગેરમાર્ગે દોરનાર વિરૂધ્ધ પોલીસ કાર્યવાહીઃ-</u>**

તા.૯/૫/૧૬ થી તા.૨૯/૫/૧૬ સુધીના સમયગાળા દરમ્યાન પોલીસ કંટ્રોલરૂમ ખાતે પોલીસ હેલ્પ લાઈન ૧૦૦ નંબર ઉપર ખોટા મેસેજ આપી પોલીસને ગેરમાર્ગે દોરનારને પોલીસ કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રીની સુચનાથી માધવપુરા પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સ્પેક્ટરશ્રીએ મોબાઈલ નંબરના આધારે તપાસ કરાવતા મોબાઈલ ધારક લક્ષ્મણભાઈ જ્ઞાનદેવ કોષ્ટી (ઉ.વ.૬૫) (રહે. છાછટીયા છાત્રાલયની બાજુમાં નાનાબજાર વિદ્યાનગર આણંદ) નાઓનુ જાણવા મળ્યુ હતુ. જે સીમ લક્ષ્મણભાઈનો પુત્ર અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ કોષ્ટી (ઉ.વ.૩૦) ( ધંધોઃ રિક્ષા ડ્રાયવર) વાપરતો હોઈ માધવપુરા પોલીસ સ્ટેશનના સર્વેલન્સના માણસોએ તા.૨/૬/૧૬ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે આરોપી અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ કોષ્ટીની ધરપકડ કરી સે.ગુ.રજી. નંબર ૩૦૯૯/૧૬ આઈ.પી.સી. કલમ ૧૭૭,૨૯૪ (ખ) મુજબ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આરોપી અશ્વિનભાઈ લક્ષ્મણભાઈ કોષ્ટીને પુછપરછ કરતા જાણવા મળ્યુ હતુ કે અગાઉ વેજલપુર ગુપ્તાનગર ખાતે રહેતો હતો ત્યારે બાળા ઉપર બળાત્કાર કરવાના ગુનામાં પકડાયેલ હતો અને ૧૦ વર્ષની સજા થતા સાબરમતી સેન્ટ્રલ જેલ ખાતે સજા ભોગવી ૮ વર્ષે સજા કાપી છુટેલ હતો. ત્યારબાદથી તેને જે ભુલ કરેલ તે વિચારો આવતા હોય અને પોતે શુ કરે છે તેની ખબર રહેતી ન હોવાના કારણે ફોન કરેલાનુ જણાવેલ છે.

ઉપરોક્ત ગુનાની તપાસ મ.સ.ઈશ્રી પ્રવિણસિહ કાનાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.

Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)